
શ્રી બ. ક. ઠાકોર
સ્પંદન-૨૦૨૮-૨૯
ગુજરાતી સાહિત્ય
મંડળ

## માર્ગદર્શક

ડૉ. પ્રીતિ દવે
પ્રા વિરલ માવાણી

## મુખપૃષ્ઠ/સુશોભન

નિશા વાળા
હસ્તી દેઢિયા
દિયા પટેલ
દિવ્યા વાલોદ્રા

# હસ્તલિખિત પુસ્તક સ્પંદનના સભ્યો

## લેખન

રૂપલ સંઘવી

## સંકલન

જયા વાલોદ્રા

# અનુક્રમણિકા


૧. શ્રી બ.ક. ઠાકોર

૨. શ્રી બ.ક. ઠાકોરની જીવનયાત્રા

૩. શ્રી બ.ક. ઠાકોરની સાહિત્ય સેવા

૪. કવિ શ્રી બ.ક. ઠાકોર

૫. ભણકારા કાવ્યસંગ્રહ

૬. શ્રી. બ.ક. ઠાકોરની કવિતાનું રસદર્શન

(i) પ્રેમની ઉષા

(ii) વર્ષાની એક સુંદર સાંજ

(iii) ભણકારા

(iv) વધામણી

(v) સૉનેટ પ્રશસ્તિ

૭ અન્ય સાહિત્ય ક્ષેત્રે બ.ક. ઠાકોરનું પ્રદાન

# પ્રસ્તાવના

કે. જે સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલયનાં સંસ્થાપક પદ્મભૂષણ પૂજનીય કરમશીભાઈ જેઠાલાલ સોમૈયા અને ડૉ. શ્રી શાંતિલાલ સોમૈયાના આશિર્વાદ થી તેમ જ શ્રી સમીરભાઈ સોમૈયા, શ્રીમતી લીલાબેન કોટક તથા સમસ્ત સોમૈયા પરિવારના સતત માર્ગદર્શન તથા પ્રોત્સાહનથી સાહિત્ય, શિક્ષણની પ્રવૃતિઓ ઉતરોત્તર ઉન્નતીના પંથે આગળ વધતી રહી છે.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત સાહિત્ય કળાને વેગ આપવાનું કાર્ય છેલ્લા ૧૭ વર્ષથી હાથ ધર્યુ છે. આ કાર્ય એટલે હસ્તલિખિત 'સ્પંદન' નું પ્રકાશન. આ વર્ષે 'સૉનેટના પિતા' ગણાતા બળવંતરાય ક. ઠાકોરની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે 'આ જન્મ પ્રયોગકાર' સર્જક શ્રી બળવંતરાય ક. ઠાકોર આ સર્જક ની પસંદગી કરી, વિદ્યાર્થીઓ તેમના સાહિત્યનો ઉંડાણમાં અભ્યાસ કરી શકે અને તેમના થી માહિતગાર થાય એ જ મુખ્ય ઉદ્દેશ રહેલો છે.

કાર્ય ભલે એક જ હોય પણ દરેક જણના સાથ-સહકાર વિના તે પૂર્ણ થતું નથી. આ કાર્ય પણ વિદ્યાર્થીઓનાં સાથ દ્વારા જ શક્ય બન્યું છે.

Sundaram FOR EDUCATIONAL USE

# બ.ક.ઠાકોર



આપણુ ગુજરાતી સાહિત્ય એ એક અવિરત વહેતું ઝરણુ છે કે પ્રારંભિક યુગથી આજ પર્યન્ત અવિરત કલકલ વહે છે તથા તેમા હેમચંદ્રાચાર્યથી લઈને અનેક સર્જકોએ સાહિત્યરૂપી નાવમાં બેસીને કલમરૂપી હલેસાથી સતત વિકાસના પગથિયા ચૂમ્યા છે. આમ ગુજરાતી સાહિત્યના ગદ્યમા, ગદ્યકારોમા માનભર્યુ સ્થાન મેળવનારા એવા શ્રી બલવન્તરાય. ક. ઠાકોર નું પ્રદાન ઉત્તમ કોટિનું છે.

'સેહની' ઉપનામથી જાણીતા 'આ જન્મ પ્રયોગકાર' તરીકે ગણના પામનાર, ગુજરાતી સાહિત્યના 'સોનેટના પિતા' તરીકે જાણીતા એવા વિચાર પ્રધાન કવિતાના પુરસ્કર્તા અને અર્વાચીન ગુજરાતી કવિતાને નવો વળાંક આપનાર એવા બલવન્તરાય. ક. ઠાકોર ગુજરાતી સાહિત્યમાં એક નિશ્ચિત સ્થાન ધરાવે છે.

Sundaram

FOR EDUCATIONAL USE

# શ્રી બ.ક. ઠાકોરની જીવન યાત્રા

સાક્ષરપેઢીની આ વિલક્ષણ પ્રતિભા ધરાવતા બલવન્તરાયનો જન્મ ૧૮૬૯ ના ઓક્ટોબરની ૨૩મીએ ભરૂચમાં. પિતાનું નામ કલ્યાણરાય. માતાનું નામ જમના. પિતા વ્યવસાયે પૂર્વજીવનમાં ભરૂચ અને જૂનાગઢમાં શિક્ષક અને ઉત્તરજીવનમાં રાજકોટમાં વકીલ. સ્વભાવે ભોળા, નરમ, આપકમાઉ અને મિલનસાર.

'જીતવું દિલ જીતવાનું કામ છે'

" પુષ્કળ કવિતા માત્ર શ્રવણરંજની. તે વિશે પૂછું રસિક સુપાત્ર, કવિતા બસ વાદિત્ર કે?"

" પુષ્કળ કવિતા માત્ર ચોપટ. આસૂ સારતી ઘણી કવિતા એ માત્ર ખોટા ઓપ, અસત્યપ્રભા. ઘણી કવિતા તો માત્ર બલિહારી ભાષાતણી. કવિતાના વળી ઘોક ટોળે ટોળે વાયુમાં જુસ્સા જે, જે શોક. નર્યા જ પડઘા તેહના".

વિદ્વતા જેમના વ્યક્તિત્વમાં સઘન સ્વરૂપે બિરાજમાન છે તેવા પ્રયોગશીલતા જેમની પ્રકૃતિનો પ્રધાન ગુણ છે તેવા. ખંત, નિષ્ઠા, ધગશ અને અવિરત શ્રમ દ્વારા કેવળ સાહિત્ય પ્રવૃતિમાં જ મગ્ન રહેનારા શ્રી બળવન્તરાય. ક. ઠાકોર નો જન્મ સન ૧૮૬૯ ભરૂચમાં થયો હતો. તેમના વિશે જે વાત કરીએ તો_

દેખાવે રુક્ષ છતાં સામાને ભીંજવી નાખે તેવી હૃદયની ઉષ્માવાળા, સ્વમત ના દૃઢ આગ્રહી, સ્વભાવે બંડખોર છતા જીવનમાં સ્થૂળ સૂક્ષ્મ, નાના-મોટા સુરૂપ-કુરૂપ સર્વ પાસાને ઝીણવટથી જોઈ તપાસી દરેકનું વાસ્તવિક મૂલ્યાંકન કરી બતાવનાર, નીડર, નિખાલસ અને ખેલદિલ પ્રો. બ. ક. ઠાકોર એ પંડિતયુગ અને ગાંધીયુગ

Sundaram FOR EDUCATIONAL USE

વચ્ચેના સંક્રાંતિ કાળના વિલક્ષણ પ્રતિભાવંત સર્જક હતા. પોતે ગર્ભમાં હતા તે વખતે તેમના માતા જમનાબા જૂનાગઢથી શિગ્રામમાં રેલવે સ્ટેશન સુધીનો રેતાળ રસ્તો કાપતાં હતા ત્યાં એકાએક વરસાદ તૂટી પડતાં પાણીના પૂરમાં શિગ્રામ તણાતાં બારીના કાંઠાને વળગી ડોકું પાણીથી ઉંચે રાખીને હિંમતભેર ટકી રહેલા તે પ્રસંગને યાદ કરતા કહે છે કે- માતાની આ હિંમત અને તિતિક્ષા તેમનામાં ઊતરેલી.

બલવન્તરાયે ૧૮૮૦માં યજ્ઞોપવીત ધારણ કર્યું. ત્યાં લગીનું, વયના અગિયારમા વરસ લગીનું એમનું શાળાનું શિક્ષણ ભરૂચમાં અને પછી રાજકોટમાં કાઠિયાવાડ હાઈસ્કૂલમાં. અહીં એમને નવલરામ પંડ્યા. ગાંધીજી અને કાન્તનો પરિચય થયો. ભરૂચમાં નર્મદામાં તરવાનો ભારે શોખ. શાળાનાં નાટકોમાં સંસ્કૃતમાં 'વિક્રમોર્વશી' માં ઉર્વશીની અપ્સરા-સખીના ગૌણ સ્ત્રીપાત્ર તરીકે અને 'વત્સલાહરણ' માં જેને સમગ્ર નાટકમાં એક શબ્દ બોલવાનો ન હતો. ૧૮૮૩ માં શાળાઓ વચ્ચેની વાર્ષિક ક્રિકેટસ્પર્ધામાં વયમાં સૌથી નાના ખેલાડી તરીકે ભાગ લીધો હતો. ૧૮૮૧ થી રાજકોટ મિશનના વિદ્વાન યુવાન પાદરી હ્યુ આર. સ્કૉટની અસરને કારણે ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષણ થયું હતું. ૧૮૮૩માં મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિક્યુલેશનની પરિક્ષામાં ઉત્તીર્ણ થયા. વધુ અભ્યાસ અર્થે વિલાયત જવાનો વિચાર કર્યો પણ વયમર્યાદા આદિ પ્રશ્નોને કારણે એ વિચારનો ત્યાગ કર્યો.

બલવન્તરાયે ૧૮૮૫માં ભાવનગરમાં શામળદાસ કૉલેજમાં ઉચ્ચ શિક્ષણનો આરંભ કર્યો. મણિલાલ નભુભાઈ એમના સંસ્કૃતના અધ્યાપક હતા. એમની પ્રેરણાથી ૧૮૮૫માં કાવ્યસ્પર્ધામાં 'મહાકવિ કાલિદાસનું જીવન અને કવન' પર સંસ્કૃતમાં વિવિધ છંદોમાં દોઢસો-પોણાબસો પંક્તિનું કાવ્ય રચ્યું. અંગ્રેજીમાં ઈતિહાસ નિબંધ 'THE USES OF HISTORY', માટે ગગા ઓઝા પારિતોષિક પ્રાપ્ત કર્યું. ૧૮૮૬ માં નર્મદશૈલીમાં ચોપાઈ છંદમાં ૨૪ પંક્તિનું પ્રેમવિષયક

Sundaram

FOR EDUCATIONAL USE

વડોદરામાં બરોડા કૉલેજમાં અધ્યાપક ઉપરાંત કામચલાઉ આચાર્ય તરીકે નિયુક્ત થયા. એ જ વરસમાં ઈન્ડિયન એજ્યુકેશનલ સર્વિસમાં નિયુક્ત પછી અજમેરની ગવર્નમેન્ટ કૉલેજમાં ઈતિહાસના અધ્યાપક તરીકે નિયુક્ત થયા.



Sundaram FOR EDUCATIONAL USE

# શ્રી બ.ક.ઠાકોરની સાહિત્યસેવા

| વર્ષ | પુસ્તક | પ્રકાર |
|---|---|---|
| ૧૯૦૬ | 'અભિજ્ઞાન શાકુંતલ' | અનુવાદ |
| | 'પ્લૂટાર્કના ભુવનચરિત્રો' | અનુવાદ |
| ૧૯૧૭ | 'ભણકારા - ધારા ૧' | કાવ્યસંગ્રહ |
| ૧૯૨૪ | 'કવિતા શિક્ષણ' | વિવેચન |
| | 'દર્શનિયું' | ટૂંકી વાર્તા |
| ૧૯૨૮ | 'ભણકારા - ધારા ૨' | કાવ્યસંગ્રહ |
| | 'લગ્નમાં બ્રહ્મચર્ય' | |
| | 'પ્રયોગમાલા' ના મણકા ૧-૫ | |
| | 'યુનાઈટેડ સ્ટેટ્સનો ઈતિહાસ' | |
| | 'ઈતિહાસ દિગ્દર્શન' | |
| | 'અંબાલાલભાઈ' | |
| | 'પરિષદ પ્રવૃત્તિ' | |
| | 'લિરિક' | |
| ૧૯૪૨ | 'ભણકાર' | કાવ્યસંગ્રહ |
| ૧૯૪૫ | 'વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧' | વ્યાખ્યાન |
| ૧૯૪૬ | 'પંચોતેરમે' | મિતાક્ષરી આત્મકથા |

Sundaram FOR EDUCATIONAL USE

| વર્ષ | પુસ્તક | પ્રકાર |
| --- | --- | --- |
| ૧૯૪૮ | 'વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૨' | વ્યાખ્યાન |

**બલવન્તરાયનાં મરણોત્તર પ્રકાશનો :** વાચક મંગલમાણિક્યવિરચિત 'અંબડ વિદ્યાધર રાસ' (૧૯૫૩), 'વિવિધ વ્યાખ્યાનો - ગુચ્છ ૩' (૧૯૫૬), ઉદયભાનુ વિરચિત 'વિક્રમચરિત્રરાસ' (૧૯૫૭), 'નિરુત્તમા' (૧૯૫૭), 'વિક્રમોર્વશી' (૧૯૫૮), 'પ્રવેશકો - ગુચ્છ ૧', (૧૯૫૯), 'પ્રવેશકો ગુચ્છ ૨', (૧૯૬૧), 'હિન્દી - ભાગ ૧' (૧૯૬૯), 'હિન્દી - ભાગ ૨' (૧૯૭૭).

**બલવન્તરાયની અપ્રસિદ્ધ કૃતિઓ :** પદ્ય - 'દુષ્કાળ', 'પગલી', 'ગુરુમ', 'વિગ્રહકાવ્યો'. ગદ્ય - 'ટીપેટીપે', 'અવલોકનો', 'ઊર્મિમૂર્તિ કલાપી', 'મહાકવિ કાલિદાસ : જીવન અને કવન', 'પિંગલપાઠ', 'અલંકાર પાઠ', 'ભારતીય કાવ્યમીમાંસા', 'યુરોપીય કાવ્યમીમાંસા', 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ'.

**બલવન્તરાયના અપ્રસિદ્ધ અનુવાદો :** 'મેઘદૂત', 'ગીતા', 'રાશેલનો ગૃહત્યાગ', 'દેશભક્તિનો વ્યોમકળશ'.

**બલવન્તરાયના અપ્રસિદ્ધ સંપાદનો :** 'ગોવર્ધનરામકૃત અધ્યાત્મજીવન', 'પ્રાચીન ગુર્જર રાસાવલિ', 'મુગ્ધાવબોધમ્ મૌક્તિકમ્', 'માંડણકૃત સિદ્ધચક્રરાસ' અથવા 'શ્રીપાલ રાજાનો રાસ', 'વચ્છકૃત મૃગાંકલેખારાસ'.

Sundaram FOR EDUCATIONAL USE

# કવિશ્રી બ.ક. ઠાકોર

**'નિશાન ચૂક માફ નહિ માફ નીચું નિશાન'**

આ પંક્તિના રચયિતાએ કવિતાનો ઉચ્ચ આદર્શ જીવનભર સેવ્યો છે. તથા ઉપાસ્યો છે. ગુજરાતી કવિતા ક્ષેત્રે બલવન્તરાયનું પ્રદાન માતબર રહ્યુ છે. તેમણે ગુજરાતી કવિતાને નવી દિશા તથા નવી વિભાવના આપી છે. એમના અનુગામી પેઢીના એ કાવ્યગુરુ બન્યા. વિષય નિરુપણ અને શૈલીની વિચારણામાં એ પ્રયોગશીલ રહ્યા. તેમણે કવિતાને નવો ઝોક આપ્યો. માત્ર ઊર્મિ પર ભાર મૂકવામાં આવે તો

**'પુષ્કળ કવિતા માત્ર, પોકટ આંસુ સારતી'**

બની રહે તેમ કહી બ.ક. ઠાકોરે કાવ્યમાં લય નહિ પણ અર્થનો, ઊર્મિલતા નહિ પણ અભિજ્ઞતાનો, પોચટતા નહિ પણ પૌરુષનો સ્વીકાર કર્યો. આ ઉપરાંત તેમણે કવિતા અને સંગીતનુ ભિન્નત્વ પ્રસ્થાપિત કર્યું. કવિતા અને સંગીતને સહકલાઓ ગણવામાં આવતી તેનો વિરોધ કર્યો. મિલ્ટનના પેરેડાઈઝ લોસ્ટથી પ્રભાવિત થયેલા એટલે બ્લેંકવર્સ જેવા પ્રવાહી પદ્યની ખોજ કરી અને સળંગ અગેય પ્રવાહી રચનાનો પ્રયોગ કર્યો. આ માટે તેમણે પૃથ્વી છંદ જે અગેય છે તે અપનાવ્યો, આ પ્રયોગથી તેમને એ સિદ્ધિ પ્રાપ્ત થઈ કે તેઓ ઉત્તમ ચિંતનોર્મિકાવ્યો આપી શક્યા.

'ભણકારા' તથા 'મ્હારા સૉનેટ' માં બલવન્તરાયની કવિતા સમૃદ્ધિ સંગ્રહિતા થઈ છે. 'આરોહણ' કાવ્યમાં તેમણે ગુજરાતી કવિતાને ઊર્ધ્વ આરોહણ કરાવ્યું. 'આરોહણ' એ સંસ્કૃતિ ચિંતનનું કાવ્ય છે. તેમાં બલવન્તરાયની શ્રેષ્ઠકવિતાઓ છે.

બલવન્તરાય પહેલા કાન્તે પણ સૉનેટ રચના કરી છે પરંતુ બલવન્તરાય ગુજરાતી કવિતામાં વિદેશી સ્વરૂપ રીતને પહેલીવાર લઈ આવ્યા, જે સૉનેટ સર્જકોમાં બલવન્તરાય શ્રેષ્ઠ રહ્યા છે. 'ભણકારા' કાવ્યસંગ્રહમાં આત્મલક્ષી અને પરલક્ષી કાવ્યો આપણને મળે છે. એમના પ્રણયકાવ્યોમાં પ્રણય ભાવોનું સુંદર નિરૂપણ થયું છે. દાંપત્યપ્રણયના આટલા સુંદર કાવ્યો બલવન્તરાય સિવાય કોઈએ આપ્યા નથી. પ્રણય અને વિરહની સંવેદનાને બલવન્તરાયે કલાત્મક, કાવ્યાત્મક, અને સુશ્લિષ્ટ પણે કંડારી છે. કવિનું દર્શન એકાંગી ન હોય, વિશ્વમાનો કોઈપણ આક્રોશ કવિને ક્ષુબ્ધ કરે આ અર્થમાં બળવંતરાય સાચા કવિ છે.

'મ્હારા સૉનેટ' માં તેમના સોનેટ છે. અન્ય કવિઓ કરતાં તેમણે વધુ સૉનેટ લખ્યા છે. એમની પ્રયોગશીલતા અને કલાસાધના આ સૉનેટમાં ખીલી ઉઠે છે. તેમની કવિતામાં પ્રેમની સર્જકતાનો સતત સ્પર્શ અનુભવાય છે. ક્યારેક કાવ્યોને મઠારીને ચોંઠાતરો કરે છે. એમની કવિતા '<u>નારિયેલ પાક</u>' જેવી છે. પ્રથમ દર્શને ખરબચડી લાગે, દુર્બોધ લાગે પણ જો ધૈર્યથી ફળ પામવા જઈએ તો મધુરતાનો આસ્વાદ મળે છે.

Sundaram FOR EDUCATIONAL USE

# ભણકારા કાવ્ય સંગ્રહ

પ્રો. ઠાકોરે સમગ્ર જીવનની કાવ્યપ્રવૃત્તિના ફલસ્વરૂપ એક માત્ર કાવ્યસંગ્રહ 'ભણકાર' (૧૯૫૧) આપ્યો છે. 'ભણકાર'ની કવિતાની મુખ્ય ત્રણ સેર છે : પ્રકૃતિ, પ્રણય અને ચિંતન.

'ભણકારા' સૉનેટ પણ પ્રકૃતિસૌન્દર્યને પૂરી સર્જકક્ષમતાથી નિરૂપણ પામેલું કાવ્ય બન્યું છે. શબ્દ અને અર્થનું સુભગ સહિતત્વ, ચિત્તાકર્ષક સૌન્દર્યદર્શન, ભાવની આરોહ-અવરોહ અને કોઈક અગોચર તત્વનો સંયોગ આ કાવ્યને ગુજરાતી સૉનેટકવિતાનું ધ્યાનાકર્ષક કાવ્ય બનાવે છે.

પ્રો. ઠાકોરની કવિતારચનાની શક્તિનો પરિચય કરાવતાં કાવ્યો 'વધામણી', 'જૂનું પિયેરઘર', 'વર્ષાની એક સુંદર સાંજ', 'ઓગરી', 'પ્રેમની ઉષા' વગેરેમાં પ્રણયભાવ નિરૂપાયો છે. 'વર્ષાની એક સુંદર સાંજ' નું પ્રકૃતિદર્શન મનોહર છે. 'અદૃષ્ટ દર્શન', 'ચોપાટીને બાંકડેથી', 'કવિનું કર્તવ્ય', પૂછું મ્હને કરેવ, 'એક તોડેલી ડાળ' વગેરે ચિંતન પ્રધાન કાવ્યો છે. 'ખેતી' પણ કવિની એક નોંધપાત્ર કાવ્યરચના બની છે. 'ખેતી' અને 'એક તોડેલી ડાળ' જેવા દીર્ઘ કાવ્યોમાં સંસ્કૃતિચિંતન નજરે પડે છે. તેમણે ભારતની સ્વતંત્રતા, બે વિશ્વયુદ્ધો, ગાંધીજી, પં. નહેરુ વગેરે વિશે પણ કાવ્યો આપ્યાં છે. વૃદ્ધાવસ્થાને વિષય કરતાં તેમનાં સોનેટ એટલાં જ જાણીતાં બન્યાં છે.

Sundaram FOR EDUCATIONAL USE

# પ્રેમની ઉષા

પાડી સેંથી નિરખિ રહીતી ચાંદલો પૂર્ણ કરવા,
ઓરડે લાડે કુજન કરતા, 'કંપ ડોકાઝણા હો,
વલ્લીવાયૂ રમત મસતી ગોલ શાં શાં કરે મે!'
ત્યાં દ્વારેથી નમિ જઈ નિચો ભાવનાસિદ્ધિદાતા
આવ્યો છૂપો અરવપદ, અણે ચહે ચિત્ત સરવા,
— ને ઓચિંતી કરકડપથી બે ઉરો એક થાતાં!
કંપી ડોલી લચિ વિખરિ શોભા પડી સ્કંધદેશે,
છૂટી ઊંચે વળિ કરલતા શોભવે કંઠ હોંસે:
'ક્હાડે ચે શું?' ઉચરિ પણ મંડ્યાં દગો નૃત્ય કરવા,
'એ તો આવ્યો કુજન કુમળું આ મિઠું શ્રોત્ર ભરવા',
'એ તો રાતો દિન ફરિફરી ઊર ઉપડ્યા કરે છે.'
'તો યે મીઠું અધિક ઉલટે કંઠ જ્યારે ભળે છે?'
ગાયું: પાચાં જિગર જિગરે પેયુષો સામસામાં;
ન્હૈં ત્યાં ચાંદાસુરજ હતિ, એ પ્રેમ કેરી ઉષામાં.

Sundaram
FOR EDUCATIONAL USE

પ્રિયતમ અને પ્રિયતમાના હૃદયભુવનની, એમના સ્નેહસહચારની ઊઘડતી પળોનું 'પ્રેમની ઉષા' માં હૃદયંગમ નિરૂપણ થયું છે.
દાંપત્યભુવનની શરૂઆતમાં દેહાકર્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ સમયે પ્રિય વ્યક્તિના તેમ જ પોતાના દેહનું આકર્ષણ ગજબનું હોય છે. દેહ પર સૌભાગ્યના શણગાર સજતી નાયિકાનું ચિત્ર, કદાચ તેથી જ, કવિએ શરૂઆતમાં જ ઝડપી લીધું છે :-

'પાડી સેંથી નિરખિ રહી'તી ચાંદલો પૂર્ણ કરવા'.

દર્પણમાં જોતી નાયિકાનું ધ્યાન ચાંદલો પૂર્ણ કરવામાં રોકાયેલું છે. સૌભાગ્યને પૂર્ણ કરવાના મનોરથોનું એમાં સૂચન છે.

આશાએશની પળો વિના કૂજન સંભવે જ નહિ ને! એના અધરોષ્ઠ લાડથી કૂજન કરે છે. એ કૂજનમાં પ્રિયતમનું સ્મરણ અને એના સહચારને માણી લેવાની કંપના વ્યક્ત થઈ છે :-

'કંપ કોડામણા હો, વલ્લીવાયૂ રમત મસતી ગેલ શાં શાં કરે જો'

રમત-મસતી-ગેલ કરવાની ઈચ્છા સીધે-સીધી વ્યક્ત કરે એવી પ્રગલ્ભ આ નાયિકા નથી. આ તો મુગ્ધા છે. એણે વલ્લી અને વાયુનાં 'રમત-મસતી-ગેલ કરવાની ઈચ્છા ની વાતની આડશે પોતાની કંપનાને વ્યક્ત કરી દીધી! પોતાના હૃદયની કંપના આ ગીતપંક્તિમાં વણાઈ ગયેલી અનુભવાય છે તેથી તો, કદાચ, આ પંક્તિ એના અધરોષ્ઠ પર રમતી થઈ ગઈ છે.

'રમત-મસતી-ગેલ' એ શબ્દત્રયીમાં ત્રણ સ્થિત્યન્તરો અને તેમનું સાતત્ય કવિએ દર્શાવ્યું છે : પહેલાં રમત, પછી મસ્તી,

Sundaram FOR EDUCATIONAL USE

પછી ગેલ ! એ ત્રણેયમાં દેહાકર્ષણની વાત મુખ્યત્વે તો છે.

એમાં ભાવાભિવ્યક્તિની એક પ્રકારની અંગતતા સૂચવાય છે. ગીતના શબ્દો, કૂજન છે એટલે મધુરામધુરા, અધરોષ્ઠ પર લાડથી રમાડાતા હશે ત્યારે મુખ પરની લજ્જાની લાલિમા દર્પણમાં પ્રતિબિંબ થઈ હશે. પોતાના આગમનની જાણ પ્રિયતમાને થવા દેવી નથી તેથી દર્પણમાં પોતાનું પ્રતિબિંબ ન પડે તે રીતે નીચો નમી જઈને અને અરવ પદે તે પ્રવેશે છે - જાણે ચિત્તમાં સરખાં પગલાં ન માંડતો હોય! પ્રિયતમાને ચમકાવી દેવાનું એના મનમાં છે. તેથી એ ઓચિંતો આલિંગે છે. વાંકા વળીને ઝડપથી પહોંચી જવાની ગતિને મંદાક્રાન્તાના પાંચ લઘુ કેવી સચોટ રીતે ઉપસાવી શક્યા છે! એ જોઈએ - ન જોઈએ ત્યાં તો ઓચિંતા સ્પર્શથી શુંનું શું બની ગયું -

'કંપી ડોલી લચિ વિખરી શોભા પડી સ્કંધદેશે'

સ્પર્શ ઓચિંતો હતો એટલે નાયિકા કંપી. આ કંપમાં શરૂઆતમાં ભયની માત્રા છે પછી, તરત જ, બીજી અર્ધચ્છાયા જોડાયેલી છે. આ તો પોતાના પ્રિયતમનો સ્પર્શ છે એમ પરખાઈ જતાં જ એ કંપ આનંદના કંપમાં ફેરવાઈ જાય છે. પછીની બે ક્રિયાઓ 'ડોલી લચિ' આનંદની વધતી માત્રાને અભિવ્યક્તિ કરે છે. કંપી, ડોલી, લચી, વિખરી - એ ચારેય ક્રિયાઓનું સાતત્ય કવિએ 'ઈ' સ્વરનો એકધારો ઉપયોગ કરીને સાચવ્યું છે. એ સાતત્યમાં વધતી જતી ગતિશીલતા શરૂઆતના ચાર ગુરુ પછી આવતા લઘુ વર્ણોમાં ઝીલી શકાઈ છે. એ ચારેય ક્રિયાઓને કવિ 'શોભા' સાથે જોડી દે છે. અહીં તો નાયક અને નાયિકા એકબીજાને વળગીને ઊભાં છે.

# વર્ષાની એક સુંદર સાંજ

શાંતી ! શાંતી ! ઝરમર ઝરી તૌ ગળી વાદળી આ,
અંધારી નીરવપદ ગિરિશ્રૃંગથી એ ઊડી આ !
ઊંચો દીધે ઘુમટ ફરીથી વ્યોમ ભેરી વિશાળી,
જેમાં મુક્તાતુરણ - લગડી ઓપતી અભ્રમાળી.
બેઠી બેઠી સખી સહિત હું માલતીમંડપે ત્યાં
ધારા જોતી, શ્રવણ ભરતી નૃત્યથી બુદ્બુદોનાં ;
ત્યાં તૌ ધારા, શમિ પણ ગયા બુદ્બુદો, ને નિહાળ્યા
તૌલો, વચ્ચે સર નભ સમું, મસ્તકે અભ્ર તારા.
ને કેરોથી સલિલ ઝરવ્યું, શુભ્ર ચળક્યું, અને જ્યાં
વૃક્ષો દીપાં ટચકિ ન રહ્યાં ડાળિયોનાં લુમીમાં,
ત્યાં એ નીલું સર લસિ રહ્યું દિવ્ય કાંચે રસેલું,
પાછૂં જોતાં,— ગિરિ પર સુધાનાથ હાસે મધૂરું !
'વ્હાલા, જોયું ?' વદિ તું લહિ ત્યાં ચંદ્રને દૃશ્યસાર,
હૈડો મ્હારો, અલિ, સર ગિરિ વ્યોમ ગુંજ્યો રસાળ !

હમણાં જ વરસાદ પડી ગયો છે. વાતાવરણની પ્રસન્ન હળવાશ મનને મુખરતા - અશબ્દતાની હિંડોલગતિમાં નાખે છે. દિનભરની ક્લાન્તિ ને અસહ્ય ઉકળાટને અંતે આવતી ગમે તે સાંજ, શ્રમિતને આશ્વાસતી વિશ્રાંતિ જેવી, પરમ શાંતિદા હોય છે. તેમાંય વર્ષાની સાંજ તો રસ-સૌંદર્ય-પિપાસુને વિશ્રબ્ધ નાયિકા સમી આકર્ષક, આકાંક્ષાપૂરક નીવડે છે. વાદળાં વરસી ગયાં ને હવે નિજાલસ લાગતી છતાં કેવળ અમિશ્ર નહિ એવી સાન્ધ્યક્ષિતિજ લુબ્ધક સંદિગ્ધતાની હવા જમાવે છે. એ હવાને અજવાળતો, મુક્ત કરી ઉલ્લાસમાં પ્રકટાવતો, પેલા ઉદિત સુધાકરનો પ્રકાશ ગતિમાં લય, લયમાં ગીત અને ગીતમાં સંગીત રેલાવવાનું સામર્થ્ય ધરાવે છે - આ થઈ કુદરતી લીલા. એની આનંદ પ્રદાનક્ષમતા નિરવધિ છતાં સાપેક્ષ છે - વ્યક્તિની આંતરબાહ્ય સ્થિતિ પર નિર્ભર, તેનાથી મર્યાદિત છે. પ્રકૃતિના સાન્નિધ્યમાં કોઈ સ્થિતિ-વિશેષનો સમુચિત સંદર્ભ રચાય છે; તદ્પરિણત અનુભૂતિ કોઈ ભાવપિંડ રચી આપે છે ને તીવ્રતર થઈને કાવ્યરૂપે અવતરે છે. કવિ બળવંતરાય ઠાકોરનું કાવ્ય એક સભાન કલાકારની પ્રવૃત્તિ છે

કવિએ પ્રસ્તુત કાવ્યમાં, પ્રકૃતિસૌંદર્યને આશ્રયે ગાયો છે. પ્રેમના મધ્યાહ્નમાં પ્રિયતમાં સાથે સુખ દુઃખ અનુભવતાં થયેલ હૃદયઐક્યની નાયકને થાય છે તેવી જ, જૂના પિયરઘરમાં બેસી સમગ્ર ભુવનનું અવલોકન કરતાં; હૃદયસ્થની નાયની 'અનહદ ગતિ' ની પ્રતીતિ નાયિકાને પણ થાય છે. અહીં પ્રકૃતિ પરસ્પર એકરૂપ થઈ વિશ્વસ્નેહમાં વિસ્તરવા ચાહતાં એ દંપતીના હૃદયભાવનું આલંબન બને છે, અને એથી આ કાવ્યમાં, શાંત સંવાદી વાતાવરણ અને સ્થિર સંવાદી સ્નેહની બેવડી આહ્લાદકતા અનુભવાય છે. —

"બેઠી બેઠી સખિસહિત હું માલતીમંડપે ત્યાં
ધારા જોતી, શ્રવણ ભરતી નૃત્યથી બુદ્બુદોનાં ;"

Sundaram FOR EDUCATIONAL USE

આરંભની ચાર પંક્તિઓમાં પ્રકૃતિનું એક રમણીય ચિત્ર આંકી, તરત જ નાયકની ઉક્તિમાં પ્રિયતમાના સાન્નિધ્યનો ઉલ્લેખ કરી, હમણાં જ નિર્દેશેલ દંપતી સ્નેહના ભાવબિંદુને કવિ સ્પર્શે છે.

હમણાં જ વરસાદ વરસી ગયો છે. શાંત સુંદર સાંજ છે. નાનકડું એક સરોવર છે. તે પર્વતોથી ઘેરાયેલુ છે. સરોવરને કિનારે વનરાજી ખીલેલી છે ત્યાં સરસ માલતીમંડપ છે જેમાં બેસી આસપાસના સૌંદર્યવૈભવમાં ખોવાઈ જવાય છે. આકાશ ચોખ્ખું થાય છે અને ધીરેધીરે દેખાતા તારાઓનુ તોરણ અને વિલૂંચિત કરે છે. પાંદડાં પર ઝિલાયેલા વારિબિંદુ ટપ ટપ ટપકે છે: એનું કાનને ગમે એવું નૃત્યસંગીત છે. પછી ઊંચા પહાડી પરથી પાણી સરકે છે. આકાશની છબિ ઝીલતું સરોવર નીલવર્ણુ રમ્ય રસાળ લાગે છે. કુદરતની શોભાથી તૃપ્તિ અનુભવનો માલતીમંડપમાં સખી સાથે બેઠેલો નાયક સહેજ પાછું વાળીને જુએ છે છે ત્યાં પર્વત પર ચંદ્રનું મધુર હાસ્ય છલકે છે. નીચે ઊજળું સરોવર, એથી ઊજળું ઉપર આભ અને તેનો અજવાળતો ચંદ્ર! અંતરનેય ઉજમાળું કરી દે એવા આ દૃશ્યનું પાન કરતાં પ્રકૃતિ અને પત્નીના સાન્નિધ્યમાં રહેલ નાયક આનંદ-સમાધિમાં લીન બને છે.

પત્નીની સમીપ હોવા છતાં જેની ઉપસ્થિતિ છેવટ સુધી વરતાતી નથી. પતિને જાણે એ આનંદનો સહભાગી બનાવવા ઇચ્છતી ન હોય તેમ તે સહસા બોલી ઊઠે છે: 'વ્હાલા, જોયું?' તેનો એ ટહુકો શાંતિને ભેદતો બધે ફેલાઈ જાય છે ને પ્રકૃતિના રસપાનથી મુગ્ધ થયેલું નાયકનું મન વધુ વિસ્મિત થાય છે. નાયિકાની મીઠી બોલ જ તેને રસનું શિખર લાગે છે. ને એ બોલની વાતમાં જ કાવ્યના રસનુંય શિખર જણાય છે. કવિની નજરે પ્રકૃતિસૌંદર્ય જોતી માણતી ભાવક હવે તેનું હૃદયસૌંદર્ય ન્યાળે છે. ઉદિત ચન્દ્રને નિહાળતાં પતિ-પત્નીના ઉદયમાન સ્નેહનું દર્શન આહ્લાદાયક છે.

Sundaram FOR EDUCATIONAL USE

શાંતિનો ભાવ્યને આરંભે ઉલ્લેખ થાય છે, અંતમાં તેનો અનુભવ થાય છે.

"અંધારી નીરવપદ ગિરિશૃંગથી એ ઉડી આ!"

આ પંક્તિમાં વાદળાઓ ઝરમરી ગયા પછી આકાશનો ઘુમટ ફરી ચોખ્ખો દીપી ઉઠે છે તે વર્ષાંત દશ્ય પૂર્વેની સ્થિતિ દર્શાવી છે.

કવિ કહે છે :- 'અહીં સૂર્યાસ્ત થયા પછી શુદ ૧૨-૧૩ ની ચંદ્ર ધાર પાછળ છે જ, પણ વર્ષાદ ઝરમર વરસતો હતો તે દરમિયાન મહી પાતળી વાદળીઓ એક થઈ જઈને ધારોની વચમાં આખા તળાવ ઉપર ચંદ્રવો તાણ્યો હોય એમ હતું, એક મોટું પંખી મહી ધારી ઉપર પાંખના છેડા ટેકવીને આડું આવેલું હતું. વર્ષાદ અટક્યો અને આ ચંદ્રવો મહી સંકેલાઈ ગયો; ધારોની ટોચ ઉપરની કાળાશમાં મહી ભળી ગ્યો'

'વ્હાલા, જોયું!' કહી, ચન્દ્ર આ દૃશ્યને કેવું રમણીય બનાવે છે તે નાયિકા નાયકનું ધ્યાન દોરે છે. નાયિકાના પ્રશ્નનો ઉત્તર વાળતાં નાયક તેની મહત્તા સ્થાપે છે. આપણે કલ્પી લઈએ કે તે સસ્મિત, સોલ્લાસ આ પંક્તિ ઉચ્ચારે છે :-

"ટૈકો તારો, અલિ, સર ગિરિ વ્યોમ ગુંજ્યો રસાળ!"

નાયક કહે છે : 'આ સુંદર ચિત્રને ચંદ્ર વધુ દીપાવે છે ખરો, પણ ચંદ્ર સમેત એ સર્વનેયે ત્હારા સ્વરની મંજુતા શ્રેષ્ઠ દીપાવે છે; તું જ મ્હારું સૌંદર્યસર્વસ્વ, મ્હારું સર્વસ્વ.

નભ સમું સર અને વ્યોમનો ઘુમટ જેવાં મૂજ ઉપમા-રૂપકો એ ચોરે છે. છતાં પણ વૈચિત્ર્ય સધાય છે સંકેતપૂર્ણ ભાવસભર

Sundaram FOR EDUCATIONAL USE

વાણીથી. કેળવાયેલ રુચિવાળા વાચકને કવિની શબ્દશક્તિનો પરિચય થઈ જાય એટલી સરળ પણ ઠાકોરની વિશિષ્ટ મુખવાણી એ વાણી છે.

સૉનેટબંધ, નવમી પંક્તિ આગળઆવાતો વળાંક અને છેલ્લા પંક્તિ-યુગ્મની ચોટ જોતાં, મિશ્ર જણાય છે. પરન્તુ પરાકાષ્ઠાના અનુભવને જ મુખ્ય ગણીએ તો એ શેક્સપીરીઅન સૉનેટ બને છે.

“ શાંતી ! શાંતી ! ઝરમર ઝરી ગૈ ગળી વાદળી આ,”

આ પહેલી પંક્તિ, કાવ્ય સૉનેટ ન હોત તો, બારમી પૂરી થયા પછી પુનરુક્તિ પામત. કાવ્યનો ઉપાડ નાટ્યાત્મક છે. કવિએ સર્જેલ સમગ્ર અર્થસંદર્ભની મદદથી અનુસંવેદન અનુભવતાં ભાવકને શાંતિની પ્રતીતિ થાય છે, સુસંવાદી સહભુવનની સંતૃપ્તિ વાતાવરણમાં મહેકી ઊઠે છે. શાંતિ અને સાંજ ત્યાં એકબીજાના પર્યાયરૂપ બની જાય છે. શેષમાં રહે છે કેવળ પ્રસન્નતા. કાવ્યનો એકંદર રસાનુભવ એવો છે કે એ પ્રસન્નતા ચિરસ્મરણીય રહે.

Sundaram
FOR EDUCATIONAL USE

# ભણકારા

આઘે ઊંચાં તરુઘુમટ તેમાં ડૂબી નીંદ સેવે,
વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં શાંત રેવા સુહાવે ;
ઊંચાનીચાં સ્તનધડક શાં હાલતાં સુપ્ત વારિ,
તેમાં મોજે તલ સમ પડે ઊપડે નાવ મ્હારી.
માથે ભૂરો નિજ નભ જુવે ઝૂકિ તો સૃષ્ટિ સૂતી
ચોંકી ભાગે, કુસુમવસને તોય જ્યોત્સના લપાતી ;
ને બીડેલાં કમલમહિં બંધાઇ સૌંદર્યઘેલી
ડોલે લેટે અલિમૃદુ ચટે, વાય આ વાયુ તેવો.

ત્યાં સૂતેલો લવું નવલ અર્ધા અનાયાસ છંદ,
કે આંદોલૂં કરિ લય નવે બીનના તાર મંદ,
તેમાં આ શી - રજનિ ઊરથી, નર્મદા વ્હેનમાંથી,
સ્વર્ગંગાની રજત રજ, કે વાદળી ફેનમાંથી,
- પુષ્પે પાને વિમલ હિમમોતી સરે, તેમ છાની
બાની ભીની નિતરિ નિગળે અંતરે શીય, સ્હેની !

Sundaram

FOR EDUCATIONAL USE

કાવ્યાન્તે કવિનું નામ આવે એવી એક પ્રથા છે. કાવ્ય માત્ર કવિ અને ઈશ્વર એટલે કે સર્વત્ર સંચાલિત એવા પરમ સત્વ વચ્ચેનો ગુહ્ય અને પવિત્ર સંવાદ છે. સ્વનામોલ્લેખની પ્રથાનો કાવ્યોચિત ઉપયોગ બળવંતરાયે 'ભણકારા' માં કર્યો છે. સેહ્‌ની એ કુળનામ છે. ૧૯૦૦ લગી માસિકાદિમાં પ્રગટ થતાં કાવ્યો તળે સેહ્‌ની શબ્દનો ઉપયોગ બળવંતરાય તખલ્લુસ લેખે કરતા.

'જાની બીની નિતાંર નિગંળે અંતરે શીય, સેહ્‌ની !'

અહીં સેહ્‌ની એવા સુંદર સંદર્ભમાં યોજાય છે કે કાવ્ય આત્માને ઉદ્‌બોધન અર્થે સહજ રચાઈ ગયું હોય એમ લાગે.
'ભણકારા' એ આત્માને ઉદ્‌બોધન અર્થે અનાયાસ રચાયેલું કાવ્ય છે. સર્જક આત્માને ઉદ્‌બોધાયેલું હોવાને લઈ આ કાવ્ય સર્જનપ્રક્રિયાનું કાવ્ય છે.

ભુવનની પ્રથમ વીસીમાં જે કાવ્યપ્રકારમાં સર્જનનું રહસ્ય સ્ફુટ થયું તે કાવ્યપ્રકારને – સૉનેટને તેમણે ભુવન સાથે જડાયેલા ભુવનના અર્ક સમા પ્રેમ, મૈત્રિ, ભુક્તિ અને મૃત્યુવિષયક ભાવો આલેખવાના માધ્યમ લેખે ભુવનભર એખ્યું

'ઉપહાર' ની કમનીય પદાવલિ, લયાન્વિત અલંકારાવલિઓ, સ્વરવ્યંજન-માધુર્ય અને સૌંદર્યમય શાશ્વત ચેતનાના પ્રતીકો-કુસુમ, સરિત- નું સ્મરણ 'ભણકારા' નો પાઠ કરતાં પદે પદે થાય છે એ એક વિલક્ષણ અને સૂચક હકીકત છે. 'કુસુમ' અને 'સરિત' કાંત અને બળવંતરાયનાં પ્રિય પ્રતીકો છે.

'વરસે સ્વપ્ને મૃદુ ભલકતાં શાંત રેવા સુહાવે' –

FOR EDUCATIONAL USE

Sundaram

માં 'સ્વપ્ન' અને સરિત-રેખાનું પ્રાણગર્ભ અગમ્ય ભાવનું નિરૂપણ કરું.

ડોલે લોટે અલિ મૃદુ પટે
ને બદલે
ડોલે લોટે અલિ પ્યાર પટે
અને
ગોરું ચૂસે અસ્ફુટ રસથી અંગુઠો પદ્મ જેવો
ને બદલે
ગોરું ચૂસે સતત ચુચુવે અંગુઠો પદ્મ જેવો

કોઈ એ જ કાવ્યે સતત લાંબો સમય એમની સર્જનશક્તિને પડકારી હોય તો તે 'ભણકારા' એ.

'ભણકારા' 'જલપ્રવાસ'નો પુનર્જન્મ છે. 'ભણકારા' સ્વચ્છ, સુઘડ પ્રવાહરમ્ય કાવ્યબાનીનું એક અત્યંત સુનિયંત્રિત કાવ્યરૂપમાં આવિષ્કૃત થયેલું દૃશ્ય-અદૃશ્ય એવું, શ્રાવ્ય-અશ્રાવ્ય એવું ધ્વનિરૂપ છે. અહીં પંક્તિએ રસળતું વર્ણન કાવ્યાન્તે દર્શનમાં પરિણમે છે.

'માથે મણે નિજ નરિ ભુવે કાંતિ તો સૃષ્ટિ સૂતી
ચોંકી જગે, કુસુમવસને તેથી જ્યોત્સના લપાતી',

સર્વત્ર અવકાશમાં પથરાયેલી નિજની નરિ દેહકાંતિ એટલે કે નિર્વસન દેહની દેદીપ્યમાન કાંતિ જ્યોત્સનાના સાંનિધ્યમાં જેતા સૃષ્ટિ ચોંકી જગે એ વિચારે જ્યોત્સના કુસુમવસને લપાય છે.

'ભણકારા'ના પ્રથમ અષ્ટકમાંથી સૃષ્ટિના અંતરમાં કવિચેતનાનો અપનયીન લય ક્રમે ક્રમે સ્તરે સ્તરે પ્રસ્તરતો રહી સૃષ્ટિના અણુએ અણુમાં વ્યાપી વળે છે.

Sundaram
FOR EDUCATIONAL USE

"ને બીડેલાં કમલમહિ બંધાઈ સૌંદર્યઘેલો
ડોલે લેરે અલિ મૃદુ પટે વાય આ વાયુ તેવો"

તારા-ગ્રહો-નક્ષત્રો-નિહારિકા-જ્યોત્સના-રેવા-વૃક્ષો આદિ ચેતનપૂર્ણ તત્ત્વોનું બનેલું આખું વિરાટ દૃશ્ય એક બીડેલા કમલ જેવું અને એમાં વાયુસમ ફરફરતી - અલિ પટે લેરતા વાયુસમ ફરફરતી - રહે છે કવિની કલ્પના. કવિકલ્પનાના આવા ભવ્ય સંશ્લિષ્ટ રૂપમાંથી કાવ્યાર્થ પ્રકટે છે.

સૉનેટ અષ્ટકની વિરાટ સૃષ્ટિમાંની આ સુબદ્ધ કવિકલ્પના હવે સૉનેટ-ષટ્કમાંની કવિની ગહન આંતરસૃષ્ટિમાં સક્રિય બને છે. હવે આનંદનું છંદરૂપે લયરૂપે અવતરણ થાય છે. હવે આખુંય વિશ્વ પુનઃ આંતરચક્ષુ આગળ પ્રકટ થાય છે નાદરૂપે –

'ત્યાં સૂતેલો લવું નવલ અર્ઘા અનાયાસ છંદ'

'ત્યાં' એટલે ક્યાં? અહીં કાવ્યપ્રક્રિયા દરમિયાન જે ક્ષણે જે અવકાશનો ઉદ્ભવ થયો તે કવિસર્જિત અવકાશ છે. અહીં કાવ્ય રચની વેળાએ જે કાળ પ્રકટ્યો તે કવિસર્જિત કાળ છે. કવિરચ્યા કાળ અને અવકાશમાં કાવ્ય વિસ્મયની- આનંદની ભાવના સાથે પ્રકટે છે —

તેમાં આ શી- રજનિ ઉરથી, નર્મદા વ્હેનમાંથી,
સ્વર્ગંગાની રજત રજ, કે વાદળી ફીણમાંથી,
-પુષ્પે પાને વિમલ હિમમોતી સરે, તેમ છાની
બાની ભીની નિતરિ નિંગળે અંતરે શીય, સેહ્ની !

Sundaram
FOR EDUCATIONAL USE

સમગ્ર દૃશ્યવિશ્વનું કાવ્યપ્રક્રિયા દરમિયાન એક એવું અદ્‌ભુત રૂપાંતર થયું છે તે કવિહૃદયમાં શુદ્ધ મૃદુ સત્ત્વ વરસ્યા નાદરૂપે રસળી રહ્યું.

Sundaram
FOR EDUCATIONAL USE

# વધામણી

વ્હાલા મ્હારા, નિશદિન હવે થાય કંપા ત્હમારી,
આવી આપો પરિચિત પ્રતીતી બધી ચિત્તહારી.
દૈવે ભણી જલ ગહનમાં ખેંચિ લીધી હતી તે,
આણી સ્હેજે તટ પર ફરીને મ્હને છૉળડેલે;
ને આવી તોપણ નવ લહ્યું ક્યાં ગઈ'તી શિ આવી,
ભુવાહેરી ત્રુટિ ન ગઈ તેથી રહ્યું શીષ નામી.
ને સંસ્કારી ગત ભવ તણા તે કની સર્વ, વ્હાલા,
ભણ્યું સાચા, તદપિ અવ તો સ્વપ્ન જેવા જ ઠાલા:
માટે આવી, કર અધરની સદ્ય સાક્ષી પુરાવો,
મીઠા સ્પર્શો, પ્રણયિ નયનો, અમૃતાલાપ લાવો.
બીજું, વ્હાલા, શિર ધરિ જિહાં 'ભાર લાગે શું?' કહેતા,
ત્યાં સૂતેલું વજન નવું વીતી ઋતુ એક વ્હેતા;
ગોરૂં ચૂસે સતત ચુચુચે અંગુઠો પદ્મ જેવો,
આવી જોઈ, દયિત, ઉચરો લોચને કોણ જેવો?

Sundaram
FOR EDUCATIONAL USE

'વધામણી' માં ભુવનની જે ઘટના વર્ણવાઈ છે તેનું પોતાનું સૌન્દર્ય છે, રહસ્ય છે અને ગૌરવ છે. 'વધામણી' માં દાંપત્યપ્રેમ છે, પરંતુ એ સાથે એની અભિવ્યક્તિની અપૂર્વ ભૂમિકા છે. હું - તું - નાં બે બિન્દુઓથી પરિબદ્ધ દાંપત્યભુવન તે - હું - તું - ની ત્રિબિન્દુગત ત્રિકોણભૂમિકા પ્રતિ સંક્રમણ કરે છે; વિકાસ કરે છે. આ સંક્રમણ - સંક્રાંતિ - વિકાસની લીલા - ગતિનું આ કાવ્ય છે. પત્નીમાંથી માતા બનવું એ ઘટના નારીના અંગત તેમ દાંપત્યભુવનની એક ક્રાંતિપ્રેરક ઘટના જ ગણાય. દાંપત્યભુવનનું તે એક વલનબિન્દુ - પરિવર્તનબિન્દુ - TURNING POINT છે. એ ક્ષણ કાવ્યવિષય કરવામાં શ્રી બ. ક. ઠાકોરની પરિષ્કૃત રસવૃત્તિ, સૂક્ષ્મ સંવેદનપટુતા અને કલ્પનાશીલતા પ્રતીત થાય છે.

કાવ્યની નાયિકા સંસ્કારી ને રસિક છે. જે રીતે તે 'વધામણી' પાઠવે છે એમાંથી જ એના વ્યક્તિત્વના બળવાન ઉન્મેષો પ્રાપ્ત થાય છે. તે સાચા અર્થમાં સૌભાગ્યવતી છે. પ્રસૂતિ નિમિત્તે પતિથી દૂર રહેવાનું થયું છે. પતિથી એ રીતે જુદા પડવાનું નાયિકાને ન ગમ્યું હોય તોયે સ્વીકારવાનું જ રહે છે. આપન્નસત્ત્વા નાયિકા જ્યારે પ્રસૂતિ માટે પિયર ગઈ હશે ત્યારે એના મનની કેવી સ્થિતિ હશે? પોતે પ્રેમાળ પતિનું મુખ ફરીથી જોઈ શકશે કે નહિ? પોતાને પુત્ર થશે કે પુત્રી? પુત્ર થશે તો કેવો હશે? પુત્રપ્રાપ્તિ પછી ગૃહસંસાર કેવી રીતે ચાલશે? — આવા કંઈક પ્રશ્નો એના મનને ભય અને આશંકાથી ઘેરી લેતા હશે; એના મનને કંઈક નવાં સ્વપ્નો રોકી બેઠાં હશે. મૃત્યુના અજ્ઞાત પ્રદેશમાં પગ મૂકતાં જેવી લાગણી થાય એવી લાગણી નાયિકાને પ્રસૂતિ માટે જતાં થઈ હશે; પરંતુ નાયિકાએ આ લાગણીની જાણ તેણે વિદાયવેળાએ પતિને કરી લાગતી નથી. કદાચ સંતાન નિમિત્તે પિયર જવાનું હોઈ આનંદની ક્ષણ ભય-શંકાની અભિવ્યક્તિથી ઝાંખી કરવાનું અઘટિત લાગ્યું હશે. આજે જ્યારે ભય-શંકાનાં વાદળ ટળી ગયા છે ત્યારે

સુંદર પુત્રની પ્રાપ્તિની વધામણીના પ્રકાશમાં પ્રસૂતિવેળાની મનની અવસ્થાનું માર્મિક સૂચન કરી, પોતાની વર્તમાન આનંદોલ્લાસભરી મનોદશાનું પ્રતીતિકર ચિત્ર આપવાની સુયોગ્ય તક એ જતી કરતી નથી. નાયિકા પોતાના પતિને જણાવે છે :-

"વ્હાલા મ્હારા, નિશદિન હવે પાય કંપ્યા ત્હમારી,"

- એમ પતિ માટેની પોતાના મનની પર્યુત્સુકતા આરંભમાં બતાવી તુરંત જ તે જણાવે છે :

"દૈવે જાણે જલ ગહનમાં ખેંચિ લીધી હતી તે
આણી સ્હેજે તટ પર ફરીને મ્હને છોડેલી;
ને આવી તો પણ નવ લહું ક્યાં ગઈ'તી શી આવી,
જુવાદોરી ત્રુટિ ન ગઈ તેથી રહું શીઘ નામી."

પતિ-પત્નીને પુત્રયોગ થવો એ તો દૈવલીલા જ. પ્રસૂતિમાંથી ક્ષેમકુશલ પાર ઊતરવું એમાં પણ દૈવ જ નિમિત્તભૂત, આવા પ્રસંગો સહેજે ય મનુષ્યને પરમ તત્વની અભિમુખ કરે. ભક્તિવિનમ્ર બનાવે. નાયિકાને જીવનની એક વિષમ ઘાટી હેમખેમ પાર કરી ગયાનો આનંદ ઓછો નથી. સંતાન માટે એનું સર્વસ્વ હોડમાં મુકાયું હતું. પરંતુ બધુ બચી ગયું. બચ્યાના આનંદ ઉપરાંત, પુત્ર મેળવીને ઘણું મેળવ્યાનો આનંદ છે, પોતાના જીવનની સાર્થકતા સિદ્ધ થયાનો આનંદ છે. એને એમાં ભવિષ્યમાં જે કંઇ પ્રાપ્ત થનાર છે એની શ્રદ્ધાનો આનંદ પણ ભળેલો છે. નાયિકા પ્રસૂતિકાળની પોતાની અનુભૂતિનું ગહન જલમાં ઊંડે દૈવ દ્વારા ખેંચાઈ જવાની અનુભૂતિ દ્વારા જે બયાન આપે છે તે વાસ્તવિક અને સચોટ તો છે જ, ઉપરાંત,

નાયિકામુખથી એ પતું હોઈ વધુ આકર્ષક અને સમગ્ર કાવ્યના ભાવને વધુ સઘન કરનાર લાગે છે. એક જ ભવમાં નાયિકાને જાણે બે ભવનો અનુભવ થાય છે. તે જણાવે છે :-

" જે સંસ્કારો ગત ભવ તણા તે કુની સર્વ, વ્હાલા,
જાણું સાચા, તદપિ અબ તો સ્વપ્ન જેવા જ કાલા : "

પ્રસૂતિ પહેલાંના અનુભવો પ્રસૂતિ પછી નાયિકાને સ્વપ્ન જેવા લાગે છે. એ અનુભવોના 'ચિત્તહારી' પણાની છાપ નાયિકાના ચિત્ત પરથી ભૂંસાઈ નથી; પરંતુ અનુભવોની પરિચિત પ્રતીતિ - પુનઃપ્રતીતિ એને અનિવાર્ય લાગે છે. પુત્રપ્રાપ્તિએ પતિની ઝંખનાને વધુ સતેજ કરી છે. ભવોભવ પતિનો સંગ વાંછનાર આર્ય સ્ત્રીના સંસ્કારનું બળ નાયિકામાં છે જ. આ જ ભવમાં બીજા ભવરૂપ પ્રસૂતિ પછીની અવસ્થામાં નાયકને મળવાની એની ઝંખનાની તીવ્રતા 'વધામણી' જે રીતે અપાઈ છે તેમાંથી ધ્વનિત થાય છે. હવે પતિ, બાળકના પિતારૂપે મળશે. એટલે વધામણી પછીનું પતિનું મિલન એના જીવનમાં તો 'અપૂર્વ મિલન' જ બની રહેવાનું. પતિ સાથેની સ્નેહલીલાને માતા બન્યા પછીના પોતાના જીવનના નૂતન સંદર્ભમાં એ ફરીથી, કદાચ વધુ રસથી માણવા ઇચ્છે છે. એટલે તો એ જણાવે છે :

" માટે આવો, કર અધરની સદ્ય સાક્ષી પુરાવો,
મીઠા સ્પર્શો, પ્રણયિ નયનો, અમૃતાલાપ લાવો. "

જે પરિસ્થિતિને પ્રભાવે પ્રસૂતિ પૂર્વેના દાંપત્યજીવનના સંસ્કારો જ્ઞાનથી સાચા છતાં 'સ્વપ્ન જેવા જ કાલા' લાગે છે એ પરિસ્થિતિમાં પણ પતિની હૃદયસ્થ મૂર્તિ તો અવિકૃત રહી છે અને કદાચ હવે વધુ

આકર્ષક બની છે. હાથમાં હાથ લેનાર, અધરરસ પીનાર, સ્પર્શસુખ દેનાર, સ્નેહભીની દ્રષ્ટિએ જોનાર, અમૃત જેવી મધુર મીઠ્ઠિ કરનાર પોતાના પતિને તે પ્રત્યક્ષ કરવા માંગે છે.

'ને સંસ્કારી ગત ભવ તણા તે કની સર્વ, વ્હાલા'

- આમાં પદોની પસંદગી, પદક્રમ વગેરે બોલચાલની લઢણને પ્રગટ કરે છે અને પંક્તિની ભાવંતતા સઘનતાથી પ્રતીત કરાવે છે. 'કની' નો લહેકો, ઉપર સૂચવ્યું તેમ, એ નાયકની કેટલી નજીક છે એની કલ્પના આપે છે. તે નાયકને માત્ર 'વધામણી' ના સમાચાર જ નહીં, એ નિમિત્તે નિમંત્રણ પણ પાઠવે છે. એ નિમંત્રણમાં એક આકર્ષણ તો પોતાનું જ સૂચિત કરે છે. બીજનું આકર્ષણ છે પેલા નવજાતનું. જે કાવ્યનું કેન્દ્ર છે, જે તેમના દાંપત્યજીવનમાં પણ કેન્દ્ર બનનાર છે, જે કાવ્યમાં સાદ્યંત શબ્દાર્થ પ્લાવિત કરે છે તે પોતે વાચ્યતાને પામ્યું નથી, વાચ્યતાથી ગૌરવભ્રષ્ટ થયું નથી પ્રિયમાં પ્રિય તેનું નામ કેમ દેવાય ? કવિને પણ એવું લાગ્યું હશે ? નાયિકા 'પુત્ર' એવું નામ પાડ્યા વિના જ મધુર રીતે, ધ્વન્યાત્મક રીતે નવજાતના શુભાગમનનો નિર્દેશ કરે છે. શ્રી. બ. ક. ઠાકોરની કાવ્યકળાની આ એક સિદ્ધિ જ ગણાય. આ સૉનેટ કાવ્યની પરાકાષ્ઠા કાવ્યની છેલ્લી પંક્તિમાં છે.

" ગોરું ચૂસે સતત ચુચુચે અંગુઠો પદ્મ જેવો, "

ચાક્ષુષ અને શ્રાવ્ય પ્રતિરૂપોના નિર્માણથી ગોરા બાળકનો પદ્મ જેવો અંગુઠો આપણે જોઈ શકીએ અને મુખથી એ ચુસાતો કાન દ્વારા પામી શકીએ છીએ. આવા બાળકનું ચિત્ર નાયકને નાયિકા તરફ ખેંચી લાવવામાં

બળવાન નિમિત્ત બનવાનું. નાયિકા એ સહી છે. પુત્ર મળ્યો, એમાં દૈવ જ કારણભૂત; પરંતુ માતાની સાથે પિતા પણ એમાં જવાબદાર ખરો જ. જે નવજાત છે તે કોના જેવો છે એ નાયિકા શાની કહે? પતિને મળવાની ઉત્સુકતા તો અપાર છે, તેથી તો 'આવો' 'આવો' એમ કહે જ છે. એ આગમન નિષ્ફળ તો ક્યાંથી હોય? ઘણું પરસ્પરને આપવાલેવાનું છે. પતિ આવશે તો પેલી બાલમૂર્તિનું રસપૂર્ણ દર્શન પામશે જ. "એ બાળકને જોવા માટે તમે આવો" એવું જ કહે તે આ નાયિકા નહિ! આ તો જણાવે છે:

" આવી જોઈ, દયિત, ઉચ્ચરી લોચને કોણ જેવો?"

નાયિકાને પતિની કલ્પના 'નિશદિન' થાય છે એમ જે વ્યક્ત થયું છે તેમાં અતિશયોક્તિ નથી; કેમકે પતિને મળ્યાને ઠીક ઠીક સમય વીત્યો છે. નાયિકા જણાવે છે:

" ત્યાં સૂતેલું વતન નવું વીતી ઋતુ એક રહેતાં; "

સમગ્ર કાવ્યભાવની સઘનતા, અભિવ્યંજકતા, અને ઉત્કટતાથી હૃદયગમ્ય બન્યું છે. 'વધામણી' ની ભાષા પ્રસંગોચિત, કાવ્યોચિત છે.

Sundaram
FOR EDUCATIONAL USE

# સૉનેટ પ્રશસ્તિ

કલા ફુલડું નાજુકે બદન માર્દવે મસ્રુણું
સુવાસ તણી માધુરી, દલ દલે કુમાશે સિંચી
મુદા, ચિત હરે ભરે મગજ સૂક્ષ્મ રિદ્ધી અહી:
ભલે ન લડ કાય, સુન્દર તું તો અણૂ યે અણૂ.
અને વિવિધતા અનંત તુજ: ના ભુમી ના હવા
વિકાર ઋતુ આજની નવ, પ્રભા ન છાયા ન વા
નુકૂલ નવ નેહને તુરત તૂં બની જય ના,
ખુબી સુરમ્ય નેહ ના તુરત ખિલિ અપનાવ તૂં :
છટા ગુણ સુડોળ કાંય, ફૂલસૃષ્ટિએ ના મણા,
તમામ કડપી સ્વયં સહજ રાજ તૂં મ્હાલ તૂ !
અને કવિ ઉગાડ્યુ તૂં કુસુમ, શબ્દ લય સાધને,
કલાસલિલસિંચને, મનન ને અભીમેન્ધને,
ધરે જ ગુણ એક જે ન કદિ ભૌમ ચીજે વસે,
– વિલાતું ખિલતાં જ એ, અમર તૂં ! સદાયે લસે !

Sundaram FOR EDUCATIONAL USE

કવિતા વિશેનાં કાવ્યો વધારે છેતરામણાં હોઈ શકે. જો સચેત ન રહ્યા તો આનંદવર્ધન કે વિશ્વનાથની અલંકાર-ચારુ અને સુયોગ્ય વ્યાખ્યાઓની જેમ જ ઠાકોરનું 'સૉનેટ પ્રશસ્તિ' કે ઉમાશંકરનું 'શોધ' કાવ્ય વાંચી જઈએ અને કશું ચુકાઈ ગયાનો ખ્યાલ પણ ન આવે.

'કલા-ફૂલડું, નાજુકે જતન, માર્દવે મઢ્યું'

ભવ્ય, દીર્ઘ અને સંયત કાવ્યોમાં, આ જ અસીમ વિરાટને અનુભવવાનો આકાર પામી શકવાની અશક્યતા કે નિષ્ફળતા ચીંધતા કવિ કાન્તની કવિતા અને નાજુક, લઘુ, સોત્સાહ કાવ્યોમાં તેને પામ્યા હોવાનો ભાસ અનુભવતા ઠાકોરની કવિતા કેટકેટલી જુદી છે.

'સૉનેટ પ્રશસ્તિ' માં પણ બે તત્ત્વો જોવા મળે : સર્જક માનવ પોતાની ચોમેર પથરાઈને પડેલા જે અસીમ, વિરાટ, અમેય અને અનુભૂત વિસ્તારની ઝાંખી કે તેના ભણકાર પામે, તે 'સૉનેટ પ્રશસ્તિ' નું એક તત્ત્વ. સર્જકમાનવ આ અમેય, અસીમને અનુભવવા માટે જે આકારનું નિર્માણ કરવા મથે એ ચિન્મયાકાર પ્રતીકાકાર, તે 'સૉનેટનુ પ્રશસ્તિ' નું બીજુ તત્ત્વ.

ઠાકોરે ખરી કુશળતાથી આ કાવ્યના ઉપયોગ ઉપમેય અને ઉપમાન વચ્ચેના બંનેનો ઉપયોગ આ બે તત્ત્વોના બેવડા સંયોગ માટે કરી લીધો છે. અમેય વિરાટતા, અને તેને અનુભવપ્રદ બનાવતી, રૂપવિધાયક બે બળો સંયોજ્ય છે, અને એક બને છે.

ઉપમેયના સ્તરે આ બે નિરૂપાયાં છે : અનેક દેશો અને ભાષાઓની વિવિધતાનો, અન્યથા માનવોને છિન્નભિન્ન કરતો, ચિરૂરા પાડી દેતો વિસ્તાર અને તે છતાં અનેક સ્થળે એકસરખી સફળતાથી સર્જકતાને પ્રેરતો સૉનેટ કાવ્યપ્રકાર. ઇન્દ્રિયોદ્બોધનના સ્તર કરતાં બુદ્ધિના સ્તરે આ ગતિવિધિ ચાલે છે. ઉપમાનના સ્તરે ભરપૂર ઇન્દ્રિયોદ્બોધન છે. આબોહવાના

FOR EDUCATIONAL USE

અનેક પ્રકારો, ભૂમિના, ઋતુના, પાણીના પ્રકારો વગેરે અનેકતાનાં બળો નિરૂપાયાં છે. અને તે બધાના પ્રસારને અને અનેકતાને પોતાના રૂપમાં ઝીલી એકત્રિત કરી શકતા 'અલૌમ' પુષ્પમાં કવિની શક્તિનુ નિરૂપણ છે.

અને આ રીતે ઉપમેય અને ઉપમાન કે ભાવ અને બુદ્ધિ વગેરે તૂરકતાઓમાં અને જરીપુરાણા ચીલાઓમાં કાવ્યને જોવા જતાં કશું જ કાવ્ય-તત્ત્વ અનુભવી શકાતું નથી.

જેમ કે 'સૉનેટ પ્રશસ્તિ' ને સૉનેટ કાવ્યસંગ્રહ વિશેનું કાવ્ય બનતું પેલાં 'ફૂલડાં' ની સહાયથી ઠાકોર અટકાવી શક્યા છે, તો તેને એ "અલૌમ', અમર, ફૂલડાં" નું કાવ્ય બનતું પણ સમગ્ર સામગ્રીના પ્રતીકાત્મક ઉદ્ગીકરણ વડે તે અટકાવી શક્યા છે.

કવિતા નથી ઉપમેય કે નથી ઉપમાન. એ એક દૃશ્યપદાર્થ છે અને બીજુ નેત્ર છે- તો કવિતા તો એ નેત્રથી એ દૃશ્યપદાર્થનુ કરેલુ દર્શન છે. આ દર્શન તો વળી ત્રીજુ જ વસ્તુ નથી, પણ એ તો અદ્વિતીય છે.

"કલાફૂલડું" વગેરેમાં નામની પહેલી વિભક્તિ અને ક્રિયાપદનો ત્રીજો પુરુષ હતા, તેને ઠેકાણે, જાણે કંઈ બન્યું જ ના હોય તેમ, ચોથી પંક્તિમાં ઠાકોર "સુંદર તું તો અણૂ પે અણૂ", કરી નામની પ્રત્યક્ષતુલ્ય સંબોધન વિભક્તિ અને ક્રિયાપદનો આત્મીય બીજો પુરુષ દાખલ કરી છે. અહીં ઠાકોર વસ્તુને મણનો વ્યાકરણી બને છે - સાચા કવિની જેમ

પણ ઠાકોરના કાવ્યમાં યોજેલ બે શબ્દો હવે આપણું ધ્યાન ખેંચે છે:

" પૂલા ન છાયા ન વા
, નૂકૂલ જવ નેહને નૂરત તૂં બની મયના ."

અને

" ખુબી સુરમ્ય નેહના નૂરત બિબિ અપનાવ તું"

Sundaram
FOR EDUCATIONAL USE

"નુકૂલ" અને "અપનાવ" – આ બે શબ્દો દુર્યોધનના ઉરુ જેવા રૂપાન્તર પામ્યા વિનાના રહી ગયા છે. પ્રશસ્તિ-સમારોહો વચ્ચે પણ આ ઉરુલંગનું ધર્મ્યકાર્ય આપણી કવિતાની સમૃદ્ધિ માટે કરવું ઉચિત જ છે.

તો, ઠાકોરની કૃતિમાં જે સોનેટ અથવા ફૂલડું છે, તે કશાક ઇતરને અનુકૂળ થઈ જાય છે. કશાક ઇતરના ઇતર-અંશને અપનાવે છે. સામગ્રીની કક્ષાએ આ બંને બનાવો સાવ સ્વીકાર્ય લાગે છે. ફૂલની કલમ નથી ગરમ આબોહવાને અનુકૂળ થાય તો જ રહી, ઉગી, ખીલી શકે ને? – બરાબર. પણ કવિતાનો અનુભવ સામગ્રીની કક્ષાએ નથી થતો, પ્રતીકાકૃતિની કક્ષાએ જ થાય છે.

'સૉનેટ પ્રશસ્તિ' પણ ઘણી મધ્યકાલિન કવિતા જેમ 'પ્રશસ્તિ' કાવ્ય છે.

'ફૂલાફૂલડું' પણ, અલબત્ત, ભુવનની ભૂમિ, હવા, તેજ, છબિ સાથે અભુવપણે સંકળાયું છે. આમ, કવિતા ભુવનનો અનન્યસંભવ અનુભવ કરાવે અને તે અનુભવનો અનન્ય-સંભવ આનંદ ભાવકને થાય, એ બનવા માટે કવિતા કોઈ અન્ય સાધનસિદ્ધ "છટાગુણ-સુડોળકાંય" ના ભુવનને અપનાવે કે રૂડપે કે અનુકૂળ બને એમ નથી થતું. પણ સર્વ ઇતરતાને ઓળંગી, પોતાની નવા જ પ્રતીકરૂપ સર્જવાની શક્તિથી, કવિતા ભુવનનો સાક્ષાત્ અનુભવ કરાવે છે. ભુવન કવિતાને સર્જતું નથી, પણ ભુવન કવિતામાં સર્જાય છે. અન્ય ક્યાંયે ન રચાયેલું ભુવનનું અલૌકિક રૂપ તો જ કવિતા.

ઠાકોરની 'સૉનેટ પ્રશસ્તિ' કૃતિની છેલ્લી ચાર પંક્તિઓમાં 'અલૌમ' અને 'અમર' શબ્દો આવે છે. ખરા. પણ સુઝેન લેન્ગર કહે છે તેમ, કવિતા શબ્દોની નથી બનતી, શબ્દોમાંથી બહાર નીકળીને બને છે. 'સૉનેટ પ્રશસ્તિ' ની કવિતાને 'અલૌમ' અને 'અમર' શબ્દોમાંથી નીકળીને પ્રગટ થાય છે.

Sundaram FOR EDUCATIONAL USE

# અન્ય સાહિત્ય ક્ષેત્રે બ.ક. ઠાકોરનું પ્રદાન

## બળવંતરાય કવિ તરીકે :-

ઈ.સ. ૧૯૧૭ માં ઠાકોરે 'ભણકાર'; 'ધારા-૧' અને ઈ.સ. ૧૯૨૭ માં ધારા-૨ પ્રગટ કરી, ઈ.સ. ૧૯૩૫માં 'મ્હારા સૉનેટ' એમ ત્રણ કાવ્યગ્રંથો આપ્યા. તે તથા ત્યાર પછી રચાયેલી તમામ કાવ્યકૃતિઓની સમાવી લેતો એક માત્ર 'ભણકાર' કાવ્યસંગ્રહ ૧૯૫૧ માં તેમણે પ્રગટ કર્યો. શરૂઆતમાં એ કાવ્યસંગ્રહ આગળ 'શુદ્ધ (અગેય) પદ્ય' નામે વિસ્તૃત વિચારપૂર્ણ નિબંધ ઠાકોરે રજૂ કર્યો આથી ઠાકોર પ્રયોગશીલ સર્જક તરીકે ઓળખાયા છે.

ગુજરાતી અર્વાચીન કવિતામાં ઠાકોરે જે ક્રાન્તિકારી નવપ્રસ્થાનો કર્યાં તે આ પ્રમાણે છે. તેમણે કવિતામાંથી ઊર્મિનો છેદ ન ઉડાડ્યો પરંતુ કેવળ હવાઈ બની જાય તેવી ઊર્મિની અતિરેકવાળી કવિતા નહિ, ઊર્મિની સાથે ચિંતન-વિચારતત્વની હિમાયત કરી જેથી ગુજરાતી કવિતા બલવન્ત કવન બની રહે. શબ્દના માધુર્ય ઉપર જ એકલું અવલંબન રાખવાને બદલે અર્થનું માધુર્ય અને બળને ધ્યાનમાં રાખ્યું. કલ્પના નિરંકુશ નહિ પણ સંયમસભર હોય તે પર ભાર મૂક્યો. છંદ અને લયનો સ્થિતિજડ નિયમોને સ્થાને પ્રવાહી પદ્યરચના તેમજ યતિવિહીન છંદોરચનાના પ્રયોગો કર્યા. પૃથ્વી છંદના પ્રયોગથી અગેય પ્રવાહી પદ્યરચના તેમણે સફળતાપૂર્વક સિદ્ધ કરી. તેમણે કવિતાને સંગીતથી જુદી ગણીને કવિતામાં અર્થાનુસારી લયનો આગ્રહ કેળવ્યો. તેમણે ગુજરાતી કવિતામાં સૉનેટ નામના નૂતન કાવ્યસ્વરૂપનો પ્રવેશ કરાવ્યો, અને તેને બહોળી પ્રતિષ્ઠા અર્પી.


'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો', 'વિવિધ વ્યાખ્યાનો', 'પ્રવેશકો', 'આપણી કવિતાસમૃદ્ધિ', 'ભણકાર', 'મ્હારાં સૉનેટ' વગેરે એ બધા


Sundaram FOR EDUCATIONAL USE

વિચારો સંગ્રહાયા છે.

'લિરિક' માં ઊર્મિકાવ્ય વિશે અંગ્રેજી સાહિત્યની દૃષ્ટિએ ઐતિહાસિક તેમજ તાત્ત્વિક ચર્ચા આપી છે, અને ઊર્મિ, કલ્પના, ચિંતન, પ્રતિભા વગેરે કાવ્યનાં મૂળતત્ત્વો વિશે સૂક્ષ્મ સમજ પ્રગટ કરી છે.

ઠાકોર ખાસ કરીને પાશ્ચાત્ય સાહિત્ય અને સાહિત્યમીમાંસાના તલસ્પર્શી અભ્યાસી છે. વિવેચન પરત્વે ઠાકોરની દૃષ્ટિ મોટેભાગે વાસ્તવદર્શી છે. વિવેચનકૃતિમાં એમની મૌલિકતા, બહુશ્રુતતા, શાસ્ત્રીયતા, ઐતિહાસિક સંદર્ભ અને ખાસ તો કોઈની સાડી બાર ન ધરાવતી નિર્ભીકતા મુખ્ય છે. તેઓ તે કહે છે : 'બધા સૂર મિલાવજે મનુજ ચિત્ત-સારંગીના, / બધાં ફલક માપજે મનુજ-બુદ્ધિ-બ્રહ્માંડનાં' સાહિત્યના અભ્યાસમાં સૌન્દર્ય મારફતે રસ જન્માવવો તેને વિવેચનનું મુખ્ય લક્ષણ ગણે છે. સૂઝપૂર્વકની પ્રયોગશીલતા જેમના જીવનમાં વણાઈ ગઈ હતી તેવા પ્રો. ઠાકોરની કવિતાએ નિ:શંક ઐતિહાસિક નવપ્રસ્થાન દાખવ્યું છે.



# વિવેચક બ.ક. ઠાકોર

બળવંતરાય ઠાકોર પંડિતયુગના એક સમર્થ વિવેચક તરીકે સુપ્રતિષ્ઠિત છે. કવિતા વિશેની તેમની વિભાવનાને સ્પષ્ટ કરતી તેમની વિવેચનાએ પણ કાવ્યસર્જન પ્રવાહને નવો વળાંક આપવામાં મહત્વનું કાર્ય કર્યું છે. 'લિરિક', 'આપણી કવિતા સમૃદ્ધિ', 'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો' અને 'વિવિધ વ્યાખ્યાનો' તેમના પ્રણીત વિવેચનગ્રંથો છે. તેમણે તેમની વિવેચનામાં કાવ્યતત્વ, ઊર્મિ, કલ્પના અને પ્રતિભા જેવાં ઘટકતત્વોની ચર્ચા કરી છે. 'ગોવર્ધનરામ અને સરસ્વતીચંદ્ર' અંગેનાં વ્યાખ્યાનો ઠાકોરના તલસ્પર્શી અભ્યાસનો નમૂનો છે. તેમનાં વિવેચનોમાં મૌલિકતા અને નિર્ભિકતા છે.

ગાંધીયુગની કવિતા એક તરફથી વિષય પરત્વે ગાંધીજીના અને બીજી તરફથી નિરૂપણ રીતે પરત્વે બળવંતરાયના પ્રભાવે ચડીને આગળ ચાલે છે.

# ગદ્યકાર બ.ક. ઠાકોર

પ્રો. ઠાકોર અર્વાચીન ગુજરાતી કવિતામાં અર્થઘન વિચારપ્રધાન કવિતાના પુરસ્કર્તા અને સૉનેટ કાવ્યોના રચયિતા તરીકે જેટલા પ્રણીત છે તેટલા જ બલકે તેથી વધુ ગદ્યકાર તરીકે પ્રણીત છે. પદ્યને મુકાબલે તેમનું ગદ્યસર્જન વિપુલ પ્રમાણમાં ખેડાયેલું છે. 'પંચોતેરમે' તથા 'અંબાલાલભાઈ' એ ચરિત્રગ્રંથમાં ગદ્ય છે, 'દર્શનિયું'માં તેમનું સર્જક ગદ્ય જોવા મળે છે પરંતુ તેમના ગદ્યનો ખરો પ્રભાવ તેમના વિવેચનગ્રંથોમાં અનુભવવા મળે છે. 'લિરિક', 'કવિતાશિક્ષણ' અને 'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો', 'વિવેચનવિષયક' ગ્રંથોનું ગદ્ય તેમને સબળ ગદ્યકાર ઠરાવે છે.

તેમના ગદ્યની ભાષા ઘણી વખત ખરબચડી, અરૂઢ

ક્લિષ્ટ શબ્દ, શબ્દગુચ્છો અને સમાસવાળી હોય છે. શૈલી પદવિન્યાસ ના પ્રયોગોવાળી હોય છે. એમનું ગદ્ય દૃઢ વાક્યબંધવાળું, સચોટ વાણી અને વિચારોના ઉદ્રેકવાળું, ગહન વિષયને પણ ચોક્કસ શબ્દચોસલામાં ઝીલી લેતું હોય છે.

ગુજરાતી ગદ્યના વિકાસમાં ઠાકોરનું મૂલ્યવાન પ્રદાન ગણાય.

## નિબંધકાર બ.ક. ઠાકોર

તેમણે સંખ્યાબંધ નિબંધો લખ્યા છે. રોજબરોજના વ્યવહારના વિષયો પર નિબંધો લખીને ગુજરાતી સાહિત્યમાં નિબંધના સ્વરૂપે વિસ્તાર્યું છે. વિષયોમાં વૈવિધ્ય છે, પણ શૈલી સંક્ષિપ્ત, સચોટ અને અર્થઘન છે.

કવિ, નાટકકાર, વાર્તાકાર, નિબંધકાર, ચરિત્રકાર, ઇતિહાસકાર, વ્યાખ્યાનકાર, પ્રવેશકકાર, અવલોકનકાર, સંચયકાર, વિવેચક, સંશોધક, અનુવાદક - આમ બલવન્તરાયની બહુમુખી, બલકે સર્વતોમુખી સર્જકપ્રતિભા હતી. પણ એમાં કવિ તરીકેની પ્રતિભા પ્રમુખ હતી. બલવન્તરાય મુખ્યત્વે કવિ તરીકે ચિરસ્મરણીય રહેશે.

'નિશાનચૂક માફ, કિન્તુ નહિ માફ નીચું નિશાન' - અમેરિકન કવિ ઍન રસેલ લોવેલરચિત આ સુવાક્ય બલવન્તરાયનું અતિપ્રિય જીવનસૂત્ર હતું. શું કર્મમાં, શું કાવ્યમાં બલવન્તરાયે કદી નીચું નિશાન તાક્યું નથી. કર્મે એ આજીવન શિક્ષક હતા, આદર્શ કવિતાશિક્ષક પણ હતા.

આમ બલવન્તરાય. ક. ઠાકોર વિશે નિરંજન ભગત કહે છે કે . . .

“ શું જીવનમાં, શું કવનમાં બલવન્તરાય એટલે ખુદ્દવફાઈ, એમની જીવનયાત્રા અને કાવ્યયાત્રાનો માર્ગ મનઃપૂત હતો. એ માર્ગના એ એકલયાત્રી હતા. મનુષ્ય તરીકે અને કવિ તરીકે બળવન્તરાય આત્મનિષ્ઠ, આત્મપ્રતિષ્ઠ હતા. એમનામાં અખૂટ આત્મશ્રદ્ધા હતી, અનન્ય આત્મબળ હતું. એ બલિષ્ઠ બલવન્તરાય. ક. ઠાકોર હતા. બલવન્તરાય. ક. ઠાકોર એ નામોચ્ચારમાં જ કેટકેટલું બળ છે!”

- નિરંજન ભગત

Sundaram FOR EDUCATIONAL USE